ભારતનો
મહારથી

ભારતનો મહારથી

લેખક

છોટુભાઇ નારણજી જોશી બી. એ.

મૂલ્ય ૨ આના

પ્રકાશકઃ
સી. જમનાદાસની કંપની, બુકસેલર્સ પબ્લીશર્સ, પ્રીન્સેસસ્ટ્રીટ, મુંબઇ

આવૃત્તિ પહેલી

ઇ સ. ૧૯૩૦

મુદ્રક : હરગોવિન્દ એ. પરમાર : પ્રવિણસાગર પ્રીન્ટીંગ પ્રેસ :
ગુલાલવાડી, મુંબઇ ૪.

માતૃચરણે.

જેનાં વ્હાલ ભર્યાં મધુર નયને બાલ્યે
સદા રાચતો,

જેણે પુષ્પ સમાન સાચવી મ્હને
ઉછેરી મ્હોટો કર્યો;

આશા, સાહસ, શક્તિના નવનવા મન્ત્રો
સદા શીખવ્યા,

વ્હાલી એ જનની તણા ચરણમાં
અર્પાય છે કાવ્ય આ.

THERE is hardly any real advance that the world has ever made that has not been started by someone at whom the world laughed. It is the world's misfortune that it usually does laugh, not only at the ideas, but at ideals. It does not believe very much in any of the finer qualities; it scoffs all too readily at sincerity, disinterestedness & faith.

Faith, the sort of faith that can work miracles is still one of the world's most precious commodities. Real faith implies not only belief in oneself, but belief in others; it sees the ideal, but never doubts that it can be made practical. It is fed on courage and nurtured on optimism. We could all work miracles if we pulled together. This faith in oneself and others makes a man a superman and a woman a superwoman."

H. G. Wells.

પ્રસ્તાવના

સૈકાઓની ગુલામગીરી ખંખેરી નાખવા આજે સારૂં ભારતવર્ષ એક પગે ખડું થયું છે. જ્યાં પૂર્વે વિલાસિતા, નિર્વીર્યતા, ઉદાસીનતા, નિર્બલતાનાં નીલઘેરાં વાદળો ઘેરાઇ રહ્યાં હતાં, ત્યાં આજે ચેતન, કર્મશીલતા, સાહસ, તથા સ્વાતન્ત્ર્યભાવનાનાં ઝરણાંઓ વહી રહી સારા ભારતવર્ષને નૂતન જીવન અર્પી રહ્યાં છે. હિન્દના સપૂતો માતૃભૂમિની પરતન્ત્રતાને જડમૂળથી ઉખેડી નાખી જગતની પ્રજાઓમાં હિન્દને માટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા કટિબદ્ધ થયા છે. હિન્દમૈયાની પ્રિય પુત્રીઓ આજે પોતાના બળથી, સાહસથી, શૌર્યથી સારા જગતને આંજી રહી છે. હિન્દ આજે જગતની પ્રજાઓને કાજે શાન્તિ તથા સુલેહનું સામ્રાજ્ય સ્થાપવાના દિવ્ય કાર્યમાં મશગુલ બની રહ્યું છે.

હિન્દમાં આ વસ્તુસ્થિતિ ઉત્પન્ન કરનાર, હિન્દની પ્રજામાં, હિન્દના પુત્રોમાં તથા પુત્રીઓમાં અજબ પ્રાણ તથા ચેતન રેડનાર, ગાણ્ડીવધન્વાનો અવતાર રાષ્ટ્રપતિ જવાહરલાલના જીવનકલા, જીવનઆદર્શો તથા જીવન કાર્યની આ સંક્ષિપ્ત રસગાથા આજે ગુજરાતને ચરણે ધરૂં છું. ગુજરાતની જનતા એ રસગાથા વાંચી જીવનમાં ઉતારે એજ પ્રાર્થના!

જરીવાલા મેન્સન્સ,
હ્યુજીસ રોડ, મુંબાઇ.
૨૫ : ૯ : ૧૯૩૦

છોટુભાઈ નારણજી જોશી બી.એ.



राष्ट्रपति जवाहरलाल नेहरू

ભારતનો મહારથી

૧

સુષુપ્ત ભારતને જગાડતો,
સ્વાતન્ત્ર્યની અલબેલ પોકારતો,
પ્રાણ પાથરી મૃત્યુને હસતો,
ભવ્ય ભૂતકાલ સંભારી સંભારી
વર્તમાનદર્શનથી આંસુઓ સારતો,
ભાવિની સોનેરી સૃષ્ટિ આલેખતો
આ મહારથી કોણ ઉભો છે?

૨

સંયુક્ત પ્રાન્તોના રાજા,
કુબેરનો વૈભવ ધરાવતા,
ઇન્દ્રના નન્દનવનની સ્પર્ધા કરતા
"આનન્દભવન"ના રાજવી અધિષ્ઠાતા:
ભીષ્મનું તપોબળ, જનકનું સંયમબળ,
પરશુરામ ભાર્ગવનું બ્રહ્મતેજ,

ચાણાકયની અપૂર્વ વ્યવહારબુદ્ધિ,
અશોકની બ્રહ્માંડવ્યાપી રાજ દૃષ્ટિ,
વૃદ્ધ હોઈ યૌવનસુલભ ચેતન
ધરાવતા રાજવી **મોતીલાલજી**ના
એક અને અદ્વિતીય પુત્ર એ મહારથી.

૩

શ્રીરામના ગૌરવ કાજે,
દેવી સીતાએ જીવન હોમ્યું;
પાણ્ડવવોની પ્રતિષ્ઠાપાલનાર્થે,
અધર્મીઓના વિનાશ કાજે
દેવી દ્રૌપદીએ આત્માને હોમ્યો;
નાથના પુનર્જીવન કાજે
દેવી સાવિત્રીએ દેહપ્રેમ ત્યાગ્યો;
નાથના સુખ તથા શાન્તિ કાજે
દેવી દમયન્તીએ વનવાસ સ્વીકાર્યો:-
આ દેવીઓની દુહિતા **સરૂપરાણી**,
સુખ તથા વિલાસમાં પતિ સહ રાચતી,
ત્યાગમાં તથા દુઃખમાં પતિ સહ ઉભેલી
શોભાવે છે **જવાહરનું** જનનીપદ.

૪

જવાહરલાલ રાષ્ટ્રનું જવાહિર છે,
રાષ્ટ્રની આશા, યુવકોનો પ્રાણ,
સંયમમૂર્તિ, વ્યવસ્થામૂર્તિ,
સ્વાતન્ત્ર્યભાવનાનો દાવાનલ સળગાવતો,
એ રાષ્ટ્રસિંહ ચોમેર ગર્જી રહ્યો છે.
સાંભળો, ભારતજનતા, સાભળો,
એ મહારથીની ગર્જના.

૫

એ શું ગર્જી રહ્યો છે ?
સુવર્ણરેખાંકિત ઉષા ઉગી
ભારતવ્યોમે નવપ્રકાશ અર્પે છે;
હિન્દ ઉદય રવિના કિરણો
સુષુપ્ત આર્યને ચેતનત્વ પ્રેરે છે.
નવયુગની ભાવનાઓ ઝીલી
જનતા સ્વાતન્ત્ર્યને નોતરે છે;
આદર્શ સિદ્ધિ અર્થે માનવ સમૂહ
વિરલ આત્મભોગ દાખવી રહ્યો છે.

અનેક વર્ષોથી બળતું જનહૃદય
આજે મુક્તિદ્વાર શોધી રહ્યું છે,
હિન્દ અપૂર્વ સંક્રાન્તિ અનુભવી રહ્યું છે
વિશ્વની પ્રજાઓએ ન સાંભળેલું
એવું અહિંસાપ્રધાન યુદ્ધ મંડાણું છે,
પ્રભુના ઉચ્ચ આદર્શોને ઉદ્‌બોધતું
એ યુદ્ધ સારૂં વિશ્વ નિરખી રહ્યું છે.
ભીષ્મ અને **અર્જુન**ના વંશજો !
કટિબદ્ધ થઈ સંચરો એ મહાસમરે,
આત્માના જ્વલન્ત બળથી
કરી દો સ્વતન્ત્ર **ભારતને**.

૬

જવાહરનો યૌવનકાલ કેવો ?
યૌવનમાં કયા આદર્શો સેવ્યા ?
મન્થન કાલમાં કેવી ભાવનાઓ અનુભવી ?
યૌવન ઉદધિમન્થનમાંથી કયાં રત્નો સાંપડયા ?

૭

યૌવનકાલના એમના મિત્રે ગાયું છે :
"આશાભર્યાં મધુર સ્વપ્ન વિલોકતો'તો

સંસારમાં સ્વર્ગ ઉતારતો' તો;
આદર્શ કેરા પૂરમાં વહી ત્હેં
યૌવન તણા લ્હાવા અનેક માણ્યા.
ઉષાસમાં મધુર હાસ્યથી ચિત્ત ચોરી,
સ્નેહી તણા હૃદયમાં મધુભાવ જગવી,
સૃષ્ટિ તણા ભેદ ઉકેલવામાં
નિહાળી ત્હેં જીવનની કંઈ ઇષ્ટ સિદ્ધિ.
"માતૃભૂમિ કેરી વિમુક્તિ અર્થે,
મહાન્ ભોગો પણ અલ્પ દીસે;
સ્વાતન્ત્ર્યનું મૂલ્ય ન હોય અન્ય,
આપદ્ સહન વા વપુનું વિસર્જન"

૮

આ એમની યૌવનલીલા અને યૌવન સૃષ્ટિ:
યૌવન મન્થન કાલની એમની હૃદયમૂર્તિઓ
લોકમાન્ય બાલ ગંગાધર અને **લાલાજી** હતા:
એ મહારથીઓનાં વકતવ્યો,
એમના રાષ્ટ્ર દર્શનો,
લોકમાન્યનો અદમ્ય રાષ્ટ્ર પ્રેમ,
લાલાજીથી ઉન્માદિની રાષ્ટ્ર ભક્તિ,

અરવિન્દના રાષ્ટ્ર જીવનમાં તત્વ જ્ઞાનના
પિયુષે એમનું યૌવન પોષ્યું હતું.

૯

જવાહરનો યૌવનકાલ વિરલ હતો, દિવ્ય હતો:
નિર્ધન **ભારતના** યુવાનોને
એવું રસ નિર્ઝરતું યૌવન દુર્લભ છે.
સમાજ શાસ્ત્રીઓએ રચેલી દુર્ભેદ્ય દિવાલોમાં
બાલ લગ્નની પત્નિના સહવાસમાં,
જીવન સંહારક રુઢિરાજમાં
ધર્માચાર્યોએ ગુંથેલી ઇન્દ્રજાળમાં
નિર્વીર્યતા, ઉદાસીનતા રાજમાં
ભારતનો યુવાન નિષ્પ્રાણ ઉભો છે.
અને **ભારતની** યુવતીઓ ?
ધર્મના ઓથા નીચે,
સામાજીક નીતિ પાલન કાજે,
ભારતની પુત્રીઓને
મહાજનોએ જીવતી બાળી છે.
પુરૂષ વિલાસને વાસનામાં,
સામાજીક પ્રતિષ્ઠાના

માયાવી મૃગને સંઘરવામાં
જીવન વેડફી રહ્યો છે.
હિન્દમૈયાની દીકરીઓને કાજે જીવન નથી;
એમને પુરૂષોએ નરકવાસ અર્પ્યો છે:
નારી એટલે વિષયસન્તોષનું સાધન,
નારી અટલે બુદ્ધિહીન માનવ પ્રાણી;
નારીને સ્વાતન્ત્ર્ય ન હોય,
એને કાજે તો અનન્ત ગુલામી.
એકપતિવ્રત નારીનું ભુષણ,
અનેકપત્નીતત્વ પુરૂષનું ભુષણ:
આ હિન્દનું નારી જીવન.
વિધવાઓના દુ:ખો અને અને આર્તનાદો
કોઇ જોતું નથી, સાંભળતું નથી.
વાલ્મિકીએ રામાયણ રચ્યું,
વ્યાસજીએ મહાભારત આલેખ્યું,
બાણે કામ્બરીપુરાણ રચ્યું:
કોણે રચ્યાં છે વૈધવ્યનાં રામાયણો ?
કોણે ગાયાં છે વિધવાનાં દુ:ખો ?
કોણે લુંછયાં છે એનાં ઉન્હાં આંસુઓ ?

" વિધવા એટલે ત્યાગમૂર્તિ "
ગાંધીજીએ ગાયું:
" વૈધવ્યે વિમલતા" **કલાપી** કથ્યાઃ
"વિધવા આર્ય સંસ્કૃતિનું ભૂષણ "
રવીબાબુ ગુંજ્યાઃ
કિન્તુ હૃદયના અને આત્માનાં દુઃખોનો
શબ્દો અને સહાનુભૂતિ પ્રતિકાર ન હોયઃ
વૈધવ્યસંસ્થા ઉખેડવી પડશે;
વિધવા અને સૌભાગ્યવન્તીની સમાનતા
આર્યસમાજે સ્થાપવી પડશે.
આર્ય ધર્મ, આર્ય સંસ્કૃતિ આર્ય સંસ્કારો
સાચવવા અને પ્રફુલ્લિત કરવા હોય,
રાષ્ટ્ર અને ધર્મની પ્રાણપ્રતિષ્ઠા સાધવી હોય,
ચેતન, શક્તિ, સાહસ સ્ફુરાવવાં હોય,
ત્હો હૃદયપલટો અને માનસ પલટો સાંધવો પડશે

૧૦

આ દેશદર્શન, આ સમાજદર્શન,
જવાહરલાલે યૌવનમાં આલેખ્યું:
આલેખ્યા પછી પ્રતિકાર શોધ્યાઃ
" સ્વાતન્ત્ર્ય, શક્તિ, ચેતન "

૧૧

અભ્યાસકાલ **આંગ્લદેશે** પુરો કર્યો:
ભારતાગમન પછી બેરિસ્ટરી આદરી:
બુદ્ધિમત્તા અને વક્તૃત્વબલથી
પિતા જોડે સ્પર્ધા માંડી.
યૌવનના આદર્શો વિકસતા રહ્યા:
આર્યોનો વર્ણાશ્રમધર્મ કહે છે:
"અભ્યાસકાલ પૂરો થયે ગૃહસ્થાશ્રમ માંડવો."

૧૨

પિતાનો વૈભવ તથા કીર્તિ
સારા **ભારતમાં** ગુંજતાં હતા;
રાજવીને આંજી નાખે
એવો એમનો વૈભવ હતો.
વિખ્યાત ધારાશાસ્ત્રી **પંડિત જગતનારાયણે**
પોતાની દુહિતા **જવાહરને** અર્પી.
પુત્રીને ઉદ્દેશતાં પિતાએ કહ્યું.
"कुलेन कान्त्या वयसा नवेन
गुणैश्च तैस्तैर्विनयप्रधानैः ।
त्वमात्मनस्तुभ्यतमुं वृणीष्व

रत्नं समागच्छतु काञ्चनेन ॥"
જ્વલન્ત, ચેતનવન્તો સિંહબાલ
શોભે તેમ **જવાહર** શોભતો.
નારાયણદુહિતા યુવતીઓમાં
સંસ્કાર, બુદ્ધિબળે અગ્રપદે રાચતી.
કુમલા સંગે રાજતો **જવાહર**
લક્ષ્મીસહ રાચતા વિષ્ણુ સમ દીપતા
ગૃહસ્થાશ્રમ માંડતાં પુત્રી સાંપડી:
ઇન્દુકલાની વ્હેન **ઇન્દુમતિ** કહેવાઇ.
આત્મા ને આદર્શોના સાહચર્યમાં
દમ્પતી એક અને અદ્વિતીય થયાં.
प्रकृत्यैव प्रिया सीता
रामस्यासीन्महात्मनः
प्रियभावः स तु तया
स्वगुणैरेव वर्धितः ।
तथैव रामः सीतायाः
प्राणेभ्योऽपि प्रियोऽभवत् ।
हृदयं त्वेव जानाति
प्रीतियोगं परस्परम् ॥"

રામ-સીતાનો પ્રીતિયોગ
કમલા-જવાહરે જીવનમાં સાધ્યો.

૧૩

સંસારના સુખો માણતાં
જવાહરે રાષ્ટ્રની પ્રાણપ્રતિષ્ઠા.
રાષ્ટ્રનું ઉત્થાન હૃદયે રાખ્યું હતું:
એમણે ગુરુની શોધ માંડી;
ભારતની દુર્દશા, નિર્ધનતા,
કાયરતા, વિલાસિતા, નિષ્પ્રાણતા
સંહારે અને ચેતન સ્થાપે
એવા ગુરુ એમને સાંપડયા.

૧૪

ગુરુ સમક્ષ વર્તમાન વર્ણવતાં
ભારતનો ભૂતકાલ દૃષ્ટિએ પડયો.
આત્માનાં આંસુઓ સારતાં સારતાં
એમણે ભૂતકાલ આલેખ્યો.
ગુરુ ભૂતકાલ જાણતા હતા;
વર્તમાન એમને દાહતો હતો;

ગુરુએ મુક્તિનો મન્ત્ર શોધી
ભારતને ચરણે ધર્યો હતો
અહિંસા, સત્ય ને સંઘબળનો
મન્ત્ર ગુરુએ એમને પઢાવ્યો.

૧૫

ગુરુનો મન્ત્ર હૃદયે સ્થાપી
જવાહર સારા રાષ્ટ્રે ભમ્યા;
સ્વાતન્ત્ર્યનો મન્ત્ર ઉપદેશતાં,
કાયરોને ડારતા,
યુવાનોને પ્રેરણા અર્પતા,
મજુરસંઘો, યુવકસંઘો સ્થાપી
રાષ્ટ્રનું સંઘબળ એકત્રિત કરતા
એમણે વિશ્રાન્તિ જાણી નથી.
અખુટ ધનવૈભવ ને વિલાસ,
ફૂલશય્યાના આલ્હાદક સુખો,
ધનસંચય ને પ્રતિષ્ઠાના
પ્રલોભનો એમને વળગ્યાં નથી.
ત્યાગે બ્રાહ્મણ,
શૌર્યે ક્ષત્રિય,



પિતા - પુત્ર

બુદ્ધિમાં બૃહસ્પતિ,
વ્યવસ્થામાં લેનિન,
દાવપેચમાં મુસોલિની:—
એવા એકમાં અનેકને સમાવતા
જવાહરને રાષ્ટ્રપતિ સ્થાપી
એમની સેવા ને દેશભક્તિનું
ઋણ રાષ્ટ્રે સગર્વ સ્વીકાર્યું.

૧૬

જગત્ પૂછે છે—
આ યુવાન્ રાષ્ટ્રપતિ કોણ?
એ ભારતનો ભાગ્યવિધાતા છે.
રાષ્ટ્રનું પ્રેરણાબળ છે.
કાયરોનો શત્રુ,
વિલાસીઓનો મૃત્યુદંડ,
સ્ત્રીઓનો ઉદ્ધારક,
દલિતોનો મોક્ષદાતા
એ જવાહરલાલ
આવતી કાલનો મહાપુરૂષ છે.

૧૭

હસતી, પ્રેરણા પાતી,
ચેતના રેડતી,
સીતા-સાવિત્રીની સ્પર્ધા કરતી
પેલાં ત્યાં કોણ ઉભાં છે?
જેવો ભાઇ તેવી બ્હેનો
એ ઉભાં છે. **વિજયલક્ષ્મી** ને **કૃષ્ણા**.
મોટાં **રણજીતપત્ની** વિજયલક્ષ્મી
ન્હાનાં કુમારી **કૃષ્ણા**,
પિતાનું ગૌરવ વધારતી,
બન્ધુને સહકાર અર્પતી,
રાષ્ટ્રની સ્ત્રીશક્તિની
જ્વલન્ત ચેતનામૂર્તિઓ સમાં
સગર્વ ત્યાં ઉભાં છે.

૧૮

પિતા, માતા, પત્ની,
ભગિની ને દેશનો

લાડીલો યૂગમૂર્તિ
જવાહરલાલ કાલે શું કરશે? [૨૪૦

૧૯

ભાવિના લેખો કોણ ઉકેલી શકે?

૨૦

ભારતનું ભાવિ જ્વલન્ત છે,
ગૌરવવન્તુ છે, બલવાન છે:
ભારતના ભવ્ય ભાવિનો વિધાતા
પંડિત જવાહરલાલજી છે.

૨૧

વન્દો, ભારતીઓ, વન્દો
એ ગાન્ડીવધન્વાના અવતારને,
મોતીલાલસુત જવાહરલાલને! [૨૪૮

થોડા વખતમાં બહાર પડશે
લેખકનાં અન્ય પુસ્તકો.

વજયન્તી

નૂતન યુગની સ્ત્રીના જીવનના આદર્શો તથા ભાવનાઓ તેમજ સમાજ તથા રાષ્ટ્ર જીવનમાં સમાનતા તથા સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરવાની આજના નારીવર્ગની અદમ્ય પ્રવૃત્તિઓ આલેખતું સામાજીક ત્રિઅંકી નાટક.

ત્રિભુવનનો વિજેતા

આર્ય સમ્રાટ ચક્રવર્તી શ્રી હર્ષવર્ધનની જીવનકલા તથા જીવનસિદ્ધિઓ આલેખતી નવલકથા.

યુગપરિવર્તન

રાજકારણ, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, ધર્મ, સમાજસુધારે કલા, સાહિત્ય તેમજ સ્ત્રીજીવન વિષે લખાયેલા ત્રીસ, લેખોનો સંગ્રહ.

The Emancipation of Indian Woman.

છપાય છે.

TITLE PRINTED AT M. VADILAL & CO. BOMBAY 2